# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સિસ (ટેકનીકલ)

ACPC

એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫.

## ડિપ્લોમા થી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી પડેલી બેઠકો ઉપર પ્રવેશ ઇચ્છુક ઉમેદવારો માટેનો કાર્યક્રમ

શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૨૦૧૫ની ડિપ્લોમા થી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવેલ છે. સદર પ્રક્રિયા બાદ સ્વનિર્ભર ડિગ્રી ઈજનેરી સંસ્થાઓ ખાતે 'ખાલી રહેલી બેઠકો' શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા ક્રમાંક : GH/SH/35/2013/PVS/102013/405/S તા. ૨૧-૬-૨૦૧૩ના નિયમ-૨૧ મુજબ ભરવાની થાય છે. જેનાં અનુસંધાને સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે નોન રીપોર્ટેડ, એનરોલમેન્ટ રદ થવાના કારણે, ચાલુ વર્ષે પ્રવેશ રદ કરાવાના કારણે તથા રાઉન્ડ-૨ બાદ ખાલી રહેલી તમામ બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર મુકવામાં આવેલ છે. ખાલી રહેલી બેઠકો ઉપર

(૧) અત્રેની સમિતિનો પ્રવેશ વર્ષ ૨૦૧૪નો ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીનો તબક્કા-૧ અને/અથવા તબક્કા-૨નો મેરીટ ક્રમાંક ધરાવતા અને પ્રવેશથી વંચિત ઉમેદવારો. (૨) જુલાઈ ૨૦૧૪ બાદ માન્ય યુનિવર્સિટી દ્વારા પરિણામો મોડા જાહેર થવાના કારણે પ્રવેશ લાયકાત ધરાવતા ઉમેદવારો (૩) પ્રવેશપાત્રતા ધરાવતા કે જેઓએ લાયકી પરીક્ષા જુલાઈ ૨૦૧૩ પહેલાં ઉત્તીર્ણ કરેલ હોય તેવા ઉમેદવારો (૪) ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીમાંથી **B. Sc.**ની ડિગ્રી ધરાવતા અને જેઓએ ધો. ૧૨ (વિ.પ્ર.)ની પરીક્ષા ગણિત વિષય સાથે ઉત્તીર્ણ કરેલ હોય તેવા ઉમેદવારો. (૫) અન્ય રાજ્યમાંથી **AICTE** માન્ય સંસ્થામાંથી લાયકી પરીક્ષા ઉત્તીર્ણ કરેલ પ્રવેશપાત્રતા ધરાવતા ઉમેદવારો (ગુજરાત રાજ્યનું **Domicile** ધરાવતા ઉમેદવારોને અગ્રતા આપવાની રહેશે.)

આવા ઉમેદવારોએ (૧) અત્રેની પ્રવેશ સમિતિની વેબસાઈટ તથા જે-તે સંસ્થાની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ જુજ ખાલી બેઠકોનો અભ્યાસ કરી (૨) સ્વનિર્ભર સંસ્થાઓની ફી ધ્યાને રાખી સંબંધિત સંસ્થાઓ ખાતે નીચે જણાવેલ કાર્યક્રમ મુજબ નિયત ફી રૂા. ૩૫૦/- રોકડા ચૂકવ્યેથી પ્રવેશ ફોર્મ મેળવી તે જ સંસ્થા ખાતે ભરી પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. ઉમેદવારે સ્વખર્ચે જે તે સંસ્થા ખાતે જવાનું રહેશે. પ્રવેશ મળશે જ તેવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી.

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૦૨-૦૯-૨૦૧૪ | સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી રહેલી બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ jacpcldce.ac.in ઉપર પ્રસિદ્ધિ. |
| ૨. | ૦૩-૦૯-૨૦૧૪ | ખાલી બેઠકોની યાદી જે તે સ્વનિર્ભર સંસ્થાના નોટિસ બોર્ડ/વેબસાઈટ ઉપર પ્રસિદ્ધિ |
| ૩. | ૦૪-૦૯-૨૦૧૪ | જે-તે સ્વનિર્ભર સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી (પ્રવેશ ફોર્મની મહત્તમ કિંમત રૂા. ૩૫૦/-) |
| ૪. | ૦૪-૦૯-૨૦૧૪ | જે-તે સ્વનિર્ભર સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ નોટિસ બોર્ડ/વેબસાઈટ ઉપર પ્રસિદ્ધિ |
| ૫. | ૦૫-૦૯-૨૦૧૪ | જે-તે સ્વનિર્ભર સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ભરેલ હોય તેવા તમામ ઉમેદવારો માટે રૂબરૂ પ્રવેશની પ્રક્રિયા. |
| ૬. | ૦૬-૦૯-૨૦૧૪ | અત્રેની સમિતિ ખાતે પ્રવેશ યાદી એન્ડોર્સમેન્ટ કરાવવા મોકલવાની રહેશે |

પ્રવેશ મળ્યેથી તે જ સમયે ટ્યુશન ફી રોકડમાં ભરવાની રહેશે. પ્રવેશ કાયમ કરાવવા માટે જરૂરી અસલ પ્રમાણપત્રો આવશ્યક હોઈ સાથે રાખવાના રહેશે. જો કોઈ સંસ્થા પ્રત્યે પ્રવેશ મેળવવા ઉત્સુક ઉમેદવારને કોઈ ફરિયાદ હોય તો તે પ્રવેશ સમિતિના ઈમેઈલ grievances.d2d2013@gmail.com પર પોતાની તમામ માહિતી સાથે ફરિયાદ કરી શકશે.

**તા. ૦૧/૦૯/૨૦૧૪** **— મેમ્બર સેક્રેટરી**